

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સ્વભાવ અતડો છતાં જમાદારી છોડતા નથી,*
*વિશ્વના દેશો સાથે સમાધાનથી દોડતા નથી.*
*બોલતા નથી યુદ્ધ વિના, ટૂંકી દૃષ્ટિ છે ટ્રંપની -*
*સ્વાર્થના સંદર્ભે કોઈથી સંબંધો જોડતા નથી.*
*(બધાથી સંઘર્ષમાં અમેરિકા)*

### હાઈકુ

*મારે છે ટાંગ*
*ટ્રંપ વિશ્વશાંતિમાં*
*સર્જે કુંડાળાં*

*જમાદારીમાં*
*ત્યાગ કરવો નથી*
*વેપારી ટ્રંપ!*

### ચિંતન

**અપ્રિયૈ: સહસંવાદ પ્રિયૈશ્ચાપિ વિનાભવ: ।**
**અસદ્ભિ: સમપ્રયોગશ્ચ તદ્ દુ:ખં ચિરજીવિનામ્ ॥**

ઉપરોક્ત શ્લોક મહાભારતમાંથી લેવામં આવેલ છે.

દીર્ઘાયુષી થવાને કારણે અપ્રિયો સાથે રહેવું પડે છે, પ્રિયોનો વિયોગ થાય છે, જીવન દુ:ખપૂર્ણ થાય છે અને દુષ્ટ મનુષ્યો સાથે વ્યતીત કરવું પડે છે.

દીર્ઘાયુષ્યનું પહેલું પરિણામ એ આવે છે કે પોતાના પ્રિયજનો પોતાની ઉપસ્થિતિમાં જ મૃત્યુ પામે છે અને પ્રિયજનોનો વિયોગ થાય છે. આવો વિયોગ સુખદ તો નથી જ. હવે જે લોકો સાથે રહેવું પડે છે એ લોકો પ્રત્યે કેળવવો પડે છે. એ લોકોને મન ના દીર્ઘાયુષી વ્યક્તિ પ્રિય નથી હોતી.

દીર્ઘાયુષીના ચિત્તમાં પોતે કયાંક અપરાધી હોવાને ભાવ પણ જાગે છે. પુત્ર, પુત્રી, પૌત્ર, દોહિત્ર અને સમવયસ્ક મિત્ર નજર સામે જતા રહે પછી આ દીર્ઘાયુષ્યનો અર્શ શો છે ?

આજ કારણથી બક ઋષિ આ દીર્ઘાયુષ્યને સૌભાગ્ય કે સુખ નહિ પણ દુર્ભાગ્ય અને દુ:ખરૂપ માને છે.

### સુવિચાર

- ઉતના હી કહો જિતના તુમને સ્વયં કે અનુભવો સે જાના હો,
  ઉનસે હી કહો જિસને તુમ્હેં પૂછા હો ઔર ઉતના હી કહો જિતના પૂછા હો - **ઓશો**
- એ જ લોકો જડ જેવા થઈ જાય છે
  જે પોતાની માન્યતાઓને જડની જેમ વળગી રહે છે - **ક્રિષ્ણકાન્ત ઉનડકટ**
- ખાલી ચડે ત્યારે પગનું મહત્ત્વ સમજાય અને ખાલીપો લાગે ત્યારે સંબંધનું મહત્ત્વ સમજાય - **પરાગ કવિ**
- સમય કયારેય ખરાબ હોતો નથી... પણ આપણી ઈચ્છા સમય સાથે પૂરી ન થાય એટલે
  'સમય ખરાબ લાગે છે' - **અમૃતબિંદુ**
- લોકોએ સમજાવ્યું છે કે, સમય જરૂર બદલાય છે, પણ... પછી સમયે સમજાવ્યું કે...
  લોકોય બદલાય છે - **જયેશદાન 'ક્ષિતિજ'**
- મતલબ ખૂબ વજનદાર હોય છે સાહેબ, નીકળી ગયા પચી સંબંધને હલકો કરી નાખે છે!! - **વનવાસી કવિ**
- આજનું ઔષધ : સીઝનમાં આવતા બોર સવાર-સાંજ દસ-દસ નંગ ખાવાથી કબજિયાત મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંગીતક્ષેત્રમાં અલાઉદ્દીનખાં સાહેબ મહાન હસ્તીમાં ગણાય છે. તેઓ ઘણા બધા વાદ્યો વગાડવામાં નિર્પુણ હતા. તેઓ કહેતા, ભારતીયશાસ્ત્રીય સંગીત અધ્યાત્મ પર આધારિત હોવાને કારણે ઈશ્વરની ભક્તિના લીધે જે રીતે તેને સ્વીકારવામાં આવે છે એ જ રીતે દરેક વ્યક્તિના મનમાં મૃત્યુનો ડર હંમેશા રહે છે અને એ ડર ઓછો કરવની દિવ્ય શક્તિ આપણા ભારતીય શાસ્ત્રીય સંગીતમાં છે. એમના જીવનના પાછળના વર્ષોમાં એમની તબિયત બહુ બગડેલી રહેતી. કલકત્તાની બાજુમાં નાના ગામમાં એમની સારવાર માટે કલકત્તાથી ડૉકટર આવતા. ડૉકટરોએ એમને એવી સલાહ આપી હતી કે પથારીમાંથી જરાયે ઉઠવું નહીં મતલબ કે મળ-મૂત્રનો ત્યાગ કરવા પણ ઉઠવું નહીં. ડૉકટરોની ના હોવા છતાં તેઓ પાણી-પેશાભ કરવા બાથરૂમમાં જવાનો જ આગ્રહ રાખતા. કારણ તે તેમના સુવાના ઓરડામાં દેવી-દેવતાઓની છબિઓ લગાડેલી હતી. દેવી દેવતાની હાજરીમાં એમ થોડું નૈસર્ગિક ક્રિયા કરાય ? ડૉકટરો કહેતા કે જો તમે ઊભા થશો તો માંદગી વધી જશે અને મૃત્યુ વહેલું આવશે. આ વાત તેમણે સ્વીકારી નહોતી. ઈશ્વર પ્રત્યેની એમની આસ્થા જોરદાર હતી. અને મૃત્યુનો ડર જરા પણ ન હતો. અલાઉદ્દીનના પૂર્વજો હિન્દુ બ્રાહ્મણ હતા અને અલાઉદ્દીને માનવતાને ધર્મ માનેલો એટલે દીકરીનું નામ એમણે અન્નપૂર્ણા રાખેલું.

# મહાસત્તા સાથેની મૈત્રી ભારતને ફળશે

**તંત્રીસ્થાનેથી...**

જાપાનમાં ઓસાકા ખાતે વિશ્વનેતાઓની શિખરમંત્રણામાં ભાગ લેવા ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જાપાનના વડાપ્રધાને ઉષ્માભર આલિંગન સાથે સ્વાગત કર્યું અને બુલેટ ટ્રેન સહિતના પ્રાજેક્ટો પરત્વે સાનુકૂળ વલણ દર્શાવ્યું એથી બે મહાન સંસ્કૃતિઓ અગાઉ કયારેય નહોતી એટલી એકમેકની નજીક આવી છે. મોદીએ જાપાનમાં ભારતીય દેવી-દેવતાઓની પૂજા થતી હોવાનો ઉલ્લેખ કર્યો તો સાથે જ સુભાષચંદ્ર બોઝના જાપાન કનેકશનને પણ ન ભૂલ્યા. ગાંધીજીને એમના બહુચર્ચિત ત્રણ વાંદરાની પ્રેરણા જાપાને આપી હોવાનો ઘટસ્ફોટ કરી એમને જાપાનની સંસ્કારિતાની પ્રશંસા કરી. અમેરિકા - ભારત - જાપાનની ત્રિરાષ્ટ્રીય શિખર પરિષદ થશે ત્યારે ઊભરતી મહાસત્તા ચીન જરૂર વિમાસણમાં મુકાશે. અમેરિકા ઈચ્છે છે કે ચીનને નિયંત્રણમાં જ રાખવું પડે અને એ ત્યારે જ શક્ય બને જયારે ભારત અને જાપાન અમેરિકાની સાથે હાથ મિલાવે. અમેરિકાને એની વૈશ્વિક પ્રતિષ્ઠા ટકાવી રાખવી છે અને એ માટે એ પોતાની સાથે સંબંધો રાખવા માગતા દેશો પર વધુ પડતાં નિયંત્રણો પણ લાદતું રહ્યું છે. રશિયા સાથે ભારતે કરેલી શસ્ત્રોની ખરીદી અંગેની પ્રક્રિયા સામે અમેરિકાને મોટો વાંધો છે. ભારત આ મુદ્દે અમેરિકાને દાદ નહીં આપે એવું લાગે છે. વિદેશ મંત્રી જયશંકરે અમેરિકાના સેક્રેટરી ઑફ સ્ટેટ પોમ્પિયોની મુલાકાત વખતે આ મુદ્દે ચોખવટ કરી જ દીધી છે. છતાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એમની જીદ પર કાયમ છે. રશિયા પાસેથી શસ્ત્રો ખરીદવાના પ્રતિબંધનું ભારત પાલન કરવા જાય તો આંતરરાષ્ટ્રીય જગતમાં એની નામોશી થાય એમ છે. ટ્રમ્પે અત્યંત ઉત્સાહપૂર્વક મોદીના ચૂંટણી વિજયને બિરદાવ્યો છે અને પોતે મોદીના મિત્ર હોવાનું જણાવી ત્યાં સુધી કહ્યું છે કે બેઉ મહાન રાષ્ટ્રો અગાઉ કયારેય નહોતાં એટલાં નજીક આવી ગયાં છે. પરંતુ ભારતને 'નજીક' આણ્યા પછી તેઓ અમેરિકન માલ પર ભારતે વધારેલ જકાત નાબૂદ કરવાની જીદ પર તો અડી જ પડ્યા છે. દુનિયાના મોટાભા સાથે કયારે કેટલું નમવું-ઝૂકવું અને કયારે પોતાના સાર્વભૌમ અધિકારો પરત્વે અક્કડ રહેવું એ હવે પછીની ભારતીય વિદેશનીતિનો અત્યંત પેચીદો મુદ્દો બની રહેશે. અલબત્ત, અમેરિકા સાથે મધુર સંબંધો રાખવાથી ભારતને ફાયદો જ થવાનો છે કારણ કે પાડોશી ચીન કે પાકિસ્તાનની આડોડાઈ વખતે એ મજબૂત ઢાલ થઈને ભારતની પડખે ઊભું રહી શકે એમ છે. જો કે અમેરિકાનું બગલબચ્ચું ન બની જવાય એનું પણ ભારતે ધ્યાન રાખવું પડશે. ઈરાન, ચાન કે રશિયા સાથે પણ સંતુલિત સંબંધો જળવાય તો જ ભારતનું સ્વાભિમાન જળવાઈ શકશે.

## જીન કે ખુદ કે ઘર શીશે કે હો, વો દુસરોં પર પથ્થર નહીં ફૈંકા કરતે...

**જીન કે ખુદ કે ઘર શીશે કે હો, વો દુસરોં પર પથ્થર નહીં ફૈંકા કરતે...**
**- વક્ત**



### ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

૧૯૬૫માં 'યશ ચોપરા' નિર્દેશિત આ ફિલ્મ હિન્દી ફિલ્મ સદાબહાર ફિલ્મોમાંની એક છે. મલ્ટી સ્ટારર આ ફિલ્મમાં બલરાજ સહાની, સુનિલ દત્ત, રાજકુમાર, શશી કપૂર, રેહમાન, શર્મિલા ટાગોર, સાધના જેવા દિગ્ગજો એ અભિનય આપ્યો હતો. 'ધૂલ કા ફૂલ' અને 'ધરમપુત્ર' જેવી સફળ ફિલ્મો આપી ચૂકેલ યશ ચોપરાને આ ફિલ્મે સફળતાના શિખર પર બેસાડી દીધા.

અખ્તર-અલ-ઈમાન દ્વારા લખાયેલ અને રાજકુમારની આગવી શૈલીમાં બોલાયેલ આ અફલાતૂન ડાયલોગ આ ફિલ્મનું મહત્ત્વનું પાસુ હતું. ચિનોય સેઠ... 'જિન કે ઘર શીશે...' વાળો આ સંવાદ તો ત્યાર બાદ તોડી મરોડીને અનેક ફિલ્મોમાં ઉપયોગમાં લેવામાં આવ્યો છે. આ ફિલ્મને ફિલ્મફેરમાં 'ઉત્કૃષ્ટ સંવાદ'નું પારિતોષિક પણ મળ્યું હતું.

આ ફિલ્મની ૧૯૬૯માં તેલુગુ અને ૧૯૮૧માં મલયાલમ રીમેક બની ચૂકી છે.

મલયાલમ રીમેક 'કોલીલક્કમ' ના અંતિમ દશ્યના હેલિકોપ્ટર સ્ટંટ શૂટિંગ દરમિયાન મલયાલમ એકશન સુપરસ્ટાર 'જયન'નું હેલિકોપ્ટર ક્રેશના કારણે મૃત્યુ થયું હતું.

આ સફળતમ એવરગ્રીન સંવાદ જેવી જ કાલજયી પંક્તિ 'યજુર્વેદીય ઉવ્વટ ભાષ્ય' માં મળી આવે છે.

**ન હિ સ્વયમપ્રતિષ્ઠિત: અન્યસ્ય પ્રતિષ્ઠાં કર્તું સમર્થ: ॥**

- જે પોતે જ સ્થાયી નથી, તે બીજાને પ્રતિષ્ઠિત (સ્થાયી) કરી શકતો નથી.

આપણા ચાર વેદ. ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ અને સામવેદ. મહાભારત પછી વેદ અને વેદકોષ નિઘણ્ટુ-નિરુક્ત પર સ્વતંત્ર ભાષ્ય રચાયા. જેમાં સાયણાચાર્યએ ચારેય વેદ ઉપર ભાષ્ય રચ્યા, જેને સૌથી વધુ પ્રમાણિત મનાય છે.

તેવી જ રીતે શુક્લ યજુર્વેદ પર ઉવ્વટ અને મહીધર દ્વારા ભાષ્ય રચવામાં આવ્યા. જે ઉવ્વટ આચાર્યની પંક્તિ આપણે ઉપર જોઈ.

સત્યનું પ્રતિષ્ઠાન તો વર્ષો પહેલાં ઉવ્વટાચાર્ય દ્વારા થઈ જ ચૂક્યું હતું. પરંતુ ૧૯૬૫માં 'વક્ત' ફિલ્મમાં તો તેની તે જ વાતનું પુન: અધિષ્ઠાન કરવામાં આવ્યું છે. સંસ્કૃતભાષા - દેવભાષા તો દરેક વ્યક્તિને માર્ગદર્શિત કરે છે... આપણે થવું કે નહીં તે આપણા પર નિર્ભર કરે છે.

jayuoza@gmail.com
Mo.9898046488

## તું મળે છે ત્યારે જડું છું...



### સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, અમદાવાદના સહયોગથી આગમ પ્રભાકર મુનિ પુણ્યવિજયજી ચંદ્રક સમિતિ દ્વારા 'મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક, આદિવાસી સંશોધક ડૉ. ભગવાનદાસ પટેલને ડૉ. હસુ યાજ્ઞિકના હસ્તે અર્પણ કરાયો તથા ડૉ. ગૌતમ પટેલ લિખિત 'જ્ઞાન સાર'નું વિમોચન પદ્મશ્રી ડૉ. કુમારપાળના હસ્તે કરાયું.'

● ત્રેસ્તા ફાઉન્ડેશન (કેનેડા - અમેરિકા) દ્વારા અદાલત ખાતે સુપ્રસિદ્ધ સર્જક પદ્મ શ્રી ડૉ. પ્રવિણ દરજીનું 'ગુજરાત રત્ન ગૌરવ એવોર્ડ' થી સન્માન કરવામાં આવ્યું.

● અમદાવાદના ટાગોર હોલ ખાતે કવિ - ગઝલકાર હર્ષ બ્રહ્મભટ્ટનાં ત્રણ પુસ્તકો 'જબ સામ કે સાયે ઢલતે હૈ';, 'તું મળે છે ત્યારે જડું છું'; અને 'એક અભિન્ન અનુબંધ' નું વિમોચન અને લોકાર્પણ પૂ. મોરારિબાપુના વરદ્ હસ્તે યોજાયું. 'સંગત' પ્રેરિત 'કવિ રમેશ પારેખ પુરસ્કાર' કવિ મુકુલ ચોકસીને આ સમારંભમાં અર્પણ કરાયો.

● અમરેલી જિલ્લાના સર્જકો હર્ષદ ચંદારાણાને 'દર્શક સાહિત્ય સન્માન - ૨૦૧૯; ઉમેશ જોશીને કવિ રણજિત પટેલ 'અનામી' એવોર્ડ', ડૉ. કાલિન્દી પરીખને 'બાળસાહિત્ય પારિતોષિક' થી ; કવયિત્રી પારુલ ખખ્ખરને 'કાવ્યમુદ્રા એવોર્ડ - ૨૦૧૮થી' પ્રણવ પંડ્યાને 'કલાપી એવોર્ડ-૨૦૧૮' થી અને દિવ્યા સોજીત્રાને 'ચિત્રકૂટ એવોર્ડ -૨૦૧૮' થી અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર તરફથી સન્માનવામાં આવ્યા.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824366893

# નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા : શાશ્વત કવિતાઓના સર્જક

યુવાનીના ઊંબરે હજુ સ્થિર પણ થયા નથી તેવા કવિ કલાપી પુષ્પની લાગણી શબ્દોમાં પ્રગટ કરીને ભ્રમરને ઉદ્દેશીને કહે છે :

**' આ સ્વપ્ન ટૂંકું છે**
**તુ ગુંજીલે હું ખીલી લઉં '**

જીવનમાં સમય ક્યાં અને ક્યારે જતો રહે છે તેનો હિસાબ પણ મળતો નથી. કલાપી કે રાવજીને જે પ્રતિતિ થઇ તે લાગણીઓ ચિરંજીવી થવા માટે શબ્દ સ્વરૂપે પ્રગટી અને અમર સાહિત્યકૃતિઓ જગતને મળી. ગંગાસતીએ ગાયેલું વીજળીને ચમકારે મોતીડા પરોવવાનું કવિ કર્તવ્ય કલાપી અને રાવજી જેવા ધન્યનામ સર્જકો કરીને ગયા. આ બધી ચિરંજીવી કૃતિઓની હરોળમાં મૂકી શકાય તેવી ભાતીગળ રચના નરસિંહરાવ દિવેટિયા પણ કરીને ગયા. સીવીલ સર્વીસના આ અધિકારીએ સાહિત્ય જગતમાં પણ અધિકારપૂર્વક સ્થાન પ્રાપ્ત કર્યું.

નરસિંહરાવ દિવેટિયાની કેટલીક રચનાઓની લોકપ્રિયતા કાળના સતત વહેતા પ્રવાહમાં પણ ઓછી થઇ નથી. આવી જ એક સુપ્રસિધ્ધ રચના કવિ નરસિંહરાવની છે. આ રચના ''પ્રેમળ જ્યોતિ તારો દાખવી..'' ખૂબ લોકપ્રિય પ્રાર્થના બની છે. આ કાવ્યની રચના પાછળની ઘટના કવિએ આલેખી છે તે પણ જાણીતી છે. કવિશ્રી લખે છે કે તેઓ તા.૧૫-૦૯-૧૯૧૫ ના રોજ ગાંધીજીને અમદાવાદ આશ્રમમાં મળ્યાં. ગાંધીજીએ આ સમયે આશ્રમ (સત્યાગ્રહ આશ્રમ) માં આશ્રમ જીવનની શુભ શરૂઆત કરી હતી. ગાંધીજી નરસિંહરાવને કહે : 'Lend Kindly Light' એ ભજનનું ગુજરાતી ભાષાંતર કરી આપશો ? ગાંધીજીની કામ કઢાવી લેવાની આવડતના પ્રતાપે ગુજરાતી ભાષાને તેની ચિરકાળ યુવાન રચના મળી :

**પ્રેમળ જ્યોતિ તારો દાખવી**
**મુજ જીવન પંથ ઉજાળ.**

નરસિંહરાવના તમામ સર્જનોનું અનોખું મૂલ્ય તથા વિશિષ્ટ છાપ છે. પરંતુ ''મંગલ મંદિર ખોલો'' તથા ''પ્રેમળ જયોતિ તારો દાખવી'' એ બે રચનાઓ લોકહૃદયના સિંહાસને બિરાજે છે. અનેક સ્થળોએ શાળાઓની પ્રાર્થનાઓમાં આ રચનાનો ગૂંજારવ થયા કરે છે. ભાષાંતર-ભાવાંતરની પણ એક અનોખી શોભા હોઈ શકે છે તેની પણ આ રચનાઓ પ્રતીતિ કરાવે છે. ''મંગલ મંદિર ખોલો'' એ રચના જીવન તથા મરણના સંધિકાળની રમણિયતાનું દર્શન કરાવે છે.

**મંગલ મંદિર ખોલો**
**દયામય ! મંગલ મંદિર ખોલો**
**જીવન-વન અતિ વેગે વટાવ્યું,**
**દ્વાર ઊભો શિશુ ભોળો,**
**તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,**
**શિશુને ઉરમાં લો.. લો... દયામય...**
**નામ મધુર તમ રટયો નિરંતર**
**શિશુ સહ પ્રેમે બોલો,**
**દિવ્યતુષાતુર આવ્યો બાળક,**
**પ્રેમ-અમીરસ ઢોળો..**
**દયામય ! મંગલ મંદિર ખોલો.**

સામાન્ય વ્યવહારમાં જગતના લોકોનું વલણ મૃત્યુની ક્ષણને આકરી તથા સંતાપ ઉત્પન્ન કરનારી ગણવાનું છે. મૃત્યુને એક અણગમતી તથા આઘાતજનક ઘટના તરીકે ઓળખવામાં આવે છે. આ રચનામાં આપણાં આ ઋષિદ્રષ્ટા કવિ તે ક્ષણને અંધારાથી અજવાળા તરફથી ગતિ તરીકે ગણાવીને મૃત્યુને પણ આદર સાથે અનિવાર્ય ઘટના તરીકે સ્વીકારીને તેની ગરીમા વ્યક્ત કરે છે. અકાળે ગયેલા પોતાના ભોળા શિશુ માટે પ્રેમ-અમીરસની પ્રાપ્તિ માટેની પ્રાર્થના જગતના નિયંતા સમક્ષ કરે છે. મરણની ઉપયોગિતા, અનિવાર્યતા તથા સૌંદર્યનો કવિ અનોખો મહિમા કરે છે. પોતાના જ પુત્રના અકાળ મૃત્યુ પ્રસંગની સહજ વેદનાને પચાવીને આવી મંગલમય પ્રાર્થના નરસિંહરાવ જેવા કવિજન જ કરી શકે. જીવન હોય ત્યાં સંકટ અને સંતાપ તો હોય પરંતુ મરણ તો ચિરસ્થાયી વિસામો આપતું મંગલ તથા તેજોમય દર્શન છે. જીવનના સળંગ અસ્તિત્વનો તે અનિવાર્ય મધ્યાન્તર છે. આ દર્શનની ક્ષણે પ્રાર્થના તો દયામય પાસે જ કરી શકાય. અંગત જીવનની આકરી કસોટીની ક્ષણે કવિનું આ દર્શન સમતાપૂર્ણ તથા અદ્વિતિય લાગે છે. મૃત્યુની ક્ષણે વ્યાકૂળતા કે શોક સંતાપને સ્થાન ન હોઈ શકે. મૃત્યુની પળને પણ એક આગવી સુંદરતા છે તેનું દર્શન ખૂબ જ રોચક તથા રમણિય છે. મરણની ક્ષણ સુધી પરમ તત્વની ઓળખ તેમજ પ્રાપ્તિ માટે અનેક લોકોએ પ્રયાસો કર્યા છે. આવા લોકોનું જીવન તથા મરણ બંન્ને ધન્ય બને છે. કવિ શ્રી કરશનદાસ માણેકના હંમેશા કહેવા સાંભળવા ગમે તેવા શબ્દો આ સંદર્ભમાં યાદ આવે.



### ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી


**એવું જ માગું મોત ,**
**હરિ હું તો એવું જ માગું મોત !**
**અંતિમ શ્વાસ લગી આતમની**
**અવિરત ચલવું ગોત**
**ઓતપ્રોત હોઉ આપ મહી જયારે**
**ઉડે પ્રાણકપોત !**
**હરિ, હું તો એવું જ માગું મોત !**

કવિ નરસિંહરાવ આમ તો સીવીલ સર્વિસના અધિકારી પરંતુ મોટા ગજાના સર્જક તેમજ નિવૃત્તિ બાદનું તેમનું અધ્યાપન કાર્ય વર્ષો સુધી એકનિષ્ઠાથી ચાલ્યું. જીવનના અનેક અંગત આઘાતોને કવિએ ઝીલ્યા અને જીરવ્યા પણ ખરા. ''આ વાદ્યને કરૂણગાન વિશેષ ભાવે'' એવી તેમની સહજ અભિવ્યક્તિ કવિના જીવનમાં બનેલા કરુણ પ્રસંગો તથા તે સામે પ્રગટ થયેલ અસાધારણ મનોબળની સાક્ષી પૂરે છે. વિપુલ માત્રામાં તેમનું સાહિત્યસર્જન છે તથા વૈવિધ્યસભર છે. શ્રી સુન્દરમ્ યથાર્થ રીતે નરસિંહરાવને ''પ્રતિભાશીલ કવિ કરતા કવિતાના એક અતિ સહૃદય ભક્ત'' તરીકે ઓળખાવે છે. કવિની ''મંગળ મંદિર ખોલો'' રચના અમર રહેવા સર્જાયેલી છે. મરણને એક મંગળ પ્રસંગ ગણીને તેને વધાવી લેવાની વાત આપણી ભાષાના અનેક સર્જકોએ ભિન્ન ભિન્ન છતાં આકર્ષક સ્વરૂપે રજૂ કરેલી છે. મરણની આ મૂલ્યવાન ક્ષણ માટે કહેવાયેલા જનાબ ગની દહીંવાલાના શબ્દો યાદ કરવા ગમે તેવા છે.

**અહીં શ્વાસ છોડયા કે બીજી જ ક્ષણમાં**
**લપેટાઇ જાશું નવા આવરણમાં**

નરસિંહરાવથી નિરંજન ભગત સુધીની તેમજ ત્યારપછી પણ વહેતી સાહિત્યની શાશ્વત ધારાએ આપણી માતૃભાષાને રળિયાત કરી છે. ભાષાંતર કર્મથી જગતની ઉત્તમ સાહિત્ય કૃતિઓમાં સ્થાન પામી શકે તેવું તેનું પોત છે.

# જ્યાં ભોગ વધે ત્યાં ત્યાગ ન ટકે અને ત્યાગ ન ટકે ત્યાં ધર્મ નહીં હોય : ગાંધીજી



### ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ભટગામમાં તો ગાંધી બરાબરનો ગુસ્સે થયા હતા. કેટલીક ગમતી ઘટનાઓથી દ્રવી ઉઠેલા ગાંધીએ તેમનો અણગમો તેમના વક્તવ્યમાં પણ સ્પષ્ટ કર્યો હતો. દાંડી કૂચના ઓઅગણીસમા દિવસે સવારે પ્રાર્થના પછી કૂચ આગળ જવા નીકળી હતી. રસ્તામાં સાંધીએરના વિસામાના ગામ તરફ નીકળેલી કૂચનું સામૈયું કરવા લોકો એક માઈલ જેટલા આગળ પગે ચાલતા અને ગાડાઓમાં આવ્યા હતા. મુંબઈથી કાપડના કેટલાક વેપારીઓ ઉપરાંત અમૃતલાલ 'ઠક્કર બાપા', હિન્દના દાદાભાઈ નવરોજજીના પૌત્રી ખુરશેદબેન અને મૃદુલાબેન સારાભાઈ પણ અહીં આવી પહોંચ્યા હતા. ખાદી કાંતણનું ગાડું જે સાથે હતું એના ઉપર લોકોનો ભારે દરોડો પડ્યો હતો એમ કહી તો ય ખોટું નહીં કારણકે ગાંધીજીના સુચન સ્વીકારવા સાથે ખાદી કાંતણ માટે રીતસર લોકોની પડાપડી થવા માંડી હતી. ગામલોકોએ આખા ગામને ચોખ્ખું કરી દીધું હતું. સાફ-સફાઈની આગેવાની ખુરશેદબેન અને મૃદુલાબેને હાથમાં લઈ લીધી હતી. એમને સાવરણો લઈને વાળતા જોઈને ઉપસ્થિત સહુ બહેનો પણ સફાઈકામમાં લાગી ગઈ હતી એના પરિણામે ગામલોકોમાં ઉત્સાહ વ્યાપી ગયો હતો. ખુદ ગાંધી પણ આનંદિત થઈ ઉઠ્યા હતા. ભટગામમાં ખખડાવવાના સપાટા પછી સાથી કાર્યકર્તાઓના સન્નિષ્ઠ પ્રયત્નોથી ખુદ ગાંધી પણ ખુશ થયા હતા. આગલા દિવસની તેમની ઉગ્રતા સમી ગઈ હતી. ચૈત્રી નવા વર્ષના શુભ દિને તેમના ભાષણમાંથી શીતળતા નીતરતી હતી.

ગાંધીજીએ અહિ ભાષણ કરતા કહ્યું કે: ''જે તલાટી ભાઈએ રાજીનામું આપ્યું છે તેમને ધન્યવાદ આપું છું. પટેલોના રાજીનામાં ઠીક સંખ્યામાં આવ્યા છે તલાટી નું બીજું રાજીનામું છે લડતનું રહસ્ય આપણે સમજતા જઈશું અને ઈશ્વર ઉપર શ્ર્ધ્ધા રાખીશું તેમ તેમ આવા રાજીનામા વધારે ને વધારે મળતા જશે''

ગઈકાલે મેં મારા મનમાં જે વિચાર આવ્યો તે ઠલવ્યો હતો તેને અહીં બેઠેલા માણસોએ નહીં સાંભળ્યો હોય. મેં મારું હૃદયમંથન રજૂ કર્યું હતું. તે હૃદયના ઉદગારો હતા. આજે તમને સ્વયંસેવિકાઓનો અનુભવ કહેવાનો છું. તમે જુઓ છો કે ચાર પાંચ બહેનો અમદાવાદથી આવી છે. તેમાંના એક દાદાભાઈ નવરોજીના પૌત્રી ખુરશેદબહેન છે. તેઓ અહીં આવ્યા કોઈએ તેમને ઓળખ્યા નહીં. એમણે ઝાડુ માગ્યું ને મચી પડ્યા સફાઈમાં. દાદાને સ્વચ્છતા બહુ પસંદ હતી. અને 'સ્વરાજ એટલે સાફ હિન્દ'. એ સૂત્ર તેમની પૌત્રીએ સાર્થક કર્યું. હાથમાં ઝાડું લઈ લતાઓ સાફ કર્યા અને લોકોએ પણ તેમને સાથ આપ્યો. આ દાખલો કંઈ મેં જાહેરખબર કરવા માટે નથી મૂક્યો. આ વાત તમે દાદાભાઈના સ્મરણ માટે કહી, અને સાથે સાથે સ્વયંસેવકોને દાખલો બેસાડવા માટે પણ કરી છે. આવા ઉલ્લેખ સાથે તેમણે અમદાવાદથી આવેલી મહિલાઓ અને ગામની મહિલાઓએ જે સ્વચ્છતા ઝુંબેશ અભિયાન સંપન્ન કરીને ગામને સાફ સુથરું બનાવી દીધું હતું તેની પણ નોંધ લીધી.

**ખુરશેદબહેનના સફાઇ કાર્યને બિરદાવતાં ગાંધીએ કહ્યુ: 'સ્વરાજ એટલે સાફ હિન્દ'**

વિરામ બાદ કૂચ આગળ જવા નીકળી ત્યારે શ્રીમંત વ્હોરાઓ અને મુસ્લિમો પણ મોટર લઈને ઉતરી પડ્યા હતા. રસ્તામાં આવતા પરિયા ગામે ગાંધીજીનો આદર સત્કાર કર્યો. એ પછી રાતે સવા સાત વાગે દેલાડ ગામને પાદરે કુચ આવી પહોંચી હતી. અડધો માઇલ જેટલી લાંબી નાળમાં પાણી છાંટવામાં આવ્યું હતું. ગાંધીજી માટે સાદી ઝુંપડી અને સૈનિકો માટે મંડપો તૈયાર કરવામાં આવ્યા હતા. બીજા દિવસે ગાંધીનો મૌન વાર હોવાને કારણે ગાંધી અહીં રોકાવાના હતા. આ માટે લોકોએ સરસ મજાની વ્યવસ્થા કરી હતી. પેટ્રોમેક્સની બત્તીઓ ને તો તિલાંજલી આપી દેવામાં આવી હતી. અને વાંસની કમાનો ઉપર ફાનસ લટકાવવામાં આવ્યા હતા. સ્થાનિક ભજનિક ઉમેદરામના ભજનો ની ઝડી વરસી રહી હતી. સભામાં સાતથી આઠ હજાર ગ્રામજનોની હાજરી હતી. ગામના અગ્રણી કાનજીભાઈએ નિવેદન કરતા કહ્યું હતું કે, 'ઓલપાડ તાલુકાની આ છેલ્લી સભા છે અમારી ઘણી ત્રુટીઓ હશે પણ આપણી પાછળ આવવામાં અમે બનતો પ્રયાસ કરીશું. સરદારના નિકટના પરિચયમાં આવેલા તાલુકાઓ પૈકીનો એક તાલુકો ઓલપાડ તાલુકો છે. આપને અને સરદારને આ તાલુકો દગો નહીં દે એવી હું ખાતરી આપું છું'.

ત્યારબાદ ગાંધીએ સંબોધન કરતા કહ્યું કે: '' ગીતામાં કહ્યું છે તેમ જે વસ્તુ આરંભમાં કડવી લાગે પણ પરિણામે મીઠી હોય તે સાત્વિક છે. જે પ્રેમના અંગારા મિત્રો સાથીઓને ગઈકાલની સભામાં ભટગામમાં કાઢ્યા હતા તે અંગારા તેમણે અંગારા તરીકે માન્યા નથી, પેલી જબરજસ્ત બત્તીને બદલે ઝીણાને ઝાંખા લાગતા ફાનસો જોઈને મને આનંદ થાય છે. સંયુક્તપ્રાંતની મુસાફરી કરતા રાત્રે એવા કેટલાય ગામડામાંથી હું પસાર થયો કે જ્યાં રાત્રે બત્તી જ જોવામાં આવે અને માત્ર કૂતરા જ હસતા હોય×. રાક્ષસી સલ્તનત સાથે આપણે બાથ ભીડી છે, તે તુચ્છકારીને કે રાડો પાડીને નહીં બની શકે, અહિંસાની વાટે જ બની શકે. અહિંસા આંધળી, પાંગળી કે ચીંથરેહાલ લાગે, પણ જ્યારે તેની સાથે ઈશ્વરદત્ત શક્તિ મળે છે ત્યારે સામેવાળો ઝાંખો પડી જાય છે અને તેને લકવો થાય છે. આ યાત્રા સામે આજે આખું જગત જોઈ રહ્યું છે. ઓલપાડ તાલુકામાં ત્રણ દિવસ રહ્યો અને પાંચ ગામની મુસાફરી મેં કરી છે. આ કૂચમાં મારી પાસે ઘણા મીઠાં સ્મરણો છે એ બધાએ કાળે કરીને ભૂંસાઈ લાય જવાના છે, પણ ઓલપાડ તાલુકાના સ્મરણો તો એમને એમ બની રહેશે. મારી જિંદગીમાં ઘણા સંસ્મરણો બહુ કડવા છતાં મને મીઠાં લાગ્યા છે. આ તાલુકાના સ્મરણો પણ એવા છે મેં તમારી પાસે મારા દિલના ઉદગારો રજુ કર્યા છતાં મને એવો લવલેશ ભય નહીં રહ્યો કે એથી કંઈ ગેરસમજ થાય. ચોવીસકલાકમાં તો હું રંગ પલટાયેલો જોવું છું જબરદસ્ત દીવાને બદલે ઝાંખા ફાનસ મુકાયા છે. એ ફાનસો પરદેશી કે સ્વદેશી હશે પણ આપણે એનાથી ટેવાઈ ગયા છીએ. કોડીયાં અને મશાલોને આપણે ભૂલ્યા છીએ. આપણે આપણી ભૌતિક, સાંસ્કારિક અને શારીરિક આવશ્યકતા ઓછી રાખવી જોઈએ. જો હિંદને આપણે કર્મભૂમિ એટલે ધર્મ ભૂમિ રાખવા ઈચ્છતા હોઈએ તો આમ કર્યે જ છૂટકો છે. એથી ઉલટું તે ભોગ ભૂમિ. જ્યાં ભોગ વધે ત્યાં ત્યાગ ન ટકે અને ત્યાગ ન ટકે ત્યાં ધર્મ નહીં હોય. આ તો મીઠાનો મીઠો સંગ્રામ છે તમે બધા એમાં નથી આવી શકવાના એ હું જાણું છું. ત્યારે શું કરશો? તકલી ચલાવો, રેંટીયા ચલાવો તો વધુ મદદ કરી શકશો અને બહેનો દારૂબંધી પણ કરી શકે. એકલા સુરત જિલ્લાના બધા માણસો જો ખૂબ જોર બતાવે તો હું હમણાં સરદારને છોડાવી આપું અને સ્વરાજને પણ ઢુંકડું લાવી શકું. પણ ખરી હિંમત જોઈશે. મને સરકાર પરહેજ કરે તેથી હું જરાય ડરતો નથી. જો બધા મક્કમ હોઈએ અને ખેલ ખરાખરીનો ચાલે તો એકલા ગુજરાતની શક્તિથી આપણે ઈચ્છીએ તે લઈએ અને પરમશાંતિને ભોગવતા થઈએ અને સ્વરાજ મળે. આમ ગાંધીજી પોતાના સાપ્તાહિક મૌનવારના પાલનના આગલા દિવસે ગાંધીજી તેમના ભાષણમાં પ્રજાજનોને સ્વરાજની લડત માટે તૈયાર કરે છે.